## ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા

# ગાંધીનગર ગૌરવ એવોર્ડ માટે જ્યુરી કમિટીની પ્રથમ બેઠક મળી

### એવોર્ડ માટેનાં ધોરણો નિર્ધારિત કરાયાં : ૧૫મી મે સુધીમાં સફળતા-સિદ્ધિની વિગતો મોકલવા ગાંધીનગરના નાગરિકોને અનુરોધ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરના નાગરિકો, પનોતાં સંતાનોને વિશિષ્ય સિદ્ધિઓ હાંસલ કરી રાજ્ય તેમજ રાષ્ટ્રીય કક્ષાએ પોતાની આગવી ઓળખ ઊભી કરવા તથા નગરને ગૌરવ અપાવવા બદલ ગાંધીનગર કલ્ચરલ ફોરમ તેના રજતજયંતી વર્ષ દરમિયાન 'ગાંધીનગર ગૌરવ એવોર્ડ'થી સન્માનશે. આ કામગીરી માટે નિયુક્ત જ્યુરી કમિટીની બેઠકમાં જ્યુરી મેમ્બર્સ દ્વારા નક્કી થયા મુજબ સમાજસેવા, વહીવટ, રમતગમત, કલા (પરફોર્મિંગ અને એપ્લાઈડ આર્ટ), સાહિત્ય, શિક્ષણ, તબીબી સેવા, વિજ્ઞાન તથા સંશોધન, વેપાર-ઉદ્યોગ, પત્રકારત્વ, પ્રવાસ, સાહસ વગેરે ક્ષેત્રોમાં રાજ્ય કે રાષ્ટ્રીય કક્ષાની વિશિષ્ટ સિદ્ધિ મેળવનારને 'ગાંધીનગર ગૌરવ' એવોર્ડ માટે પસંદ કરવામાં આવશે.

જ્યુરી કમિટીના જણાવ્યા અનુસાર આ માટે વ્યક્તિ ગાંધીનગરમાં જન્મેલકે ઉછરેલ હોય કે ઓછામાં ઓછું શાળાકીય શિક્ષણ ગાંધીનગરમાં લીધું હોય અથવા તેના ગાંધીનગરના લાંબા વસવાટ દરમિયાન રાજ્ય કે રાષ્ટ્રીય કક્ષાની એવી સિદ્ધિ મેળવેલ હોય કે એવી અસામાન્ય કામગીરી કરી હોય કે જેના કારણે તે વ્યક્તિની આ ક્ષેત્રમાં ઓળખ બની હોય તેમજ ગાંધીનગરનું નામ ઉજ્જવળ બન્યું હોય. રાજ્ય કે રાષ્ટ્રકક્ષાની સિદ્ધિઓમાં રાજ્ય કે કેન્દ્ર સરકાર દ્વારા અપાતા પદ્મશ્રી, અર્જુન એવોર્ડ, દ્રોણાચાર્ય એવોર્ડ, કેન્દ્રીય કે રાજ્યની સાહિત્ય અકાદમી દ્વારા જ્ઞાનપીઠ જેવાં વિવિધ સન્માન, વહીવટી, સમાજસેવા, શિક્ષણ, વિજ્ઞાન, સંશોધન, ટેકનીકલ તેમજ પત્રકારત્વ ક્ષેત્રે રાષ્ટ્રીય કક્ષાનાં સન્માન, તબીબી સેવા, વેપાર-વાણિજ્ય ક્ષેત્રમાં ઉમદા, નોંધપાત્ર, સમાજોપયોગી પ્રદાન તથા રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત કંપની કે સેવાઓમાં મોટા પદ પર નિયુક્ત વગેરેનો સમાવેશ થાય છે. અને એ જ ગાંધીનગર ગૌરવ એવોર્ડ માટે ગણતરીમાં લેવાશે.

આથી જ્યુરી કમિટી દ્વારા નિર્ધારિત ધોરણો મુજબ પોતાને 'ગાંધીનગર ગૌરવ એવોર્ડ' માટે યોગ્ય ગણતી હોય તે વ્યક્તિને સફળતા-સિદ્ધિની વિગતો સાથે પોતાનો બાયોડેટા મોકલી આપવા તથા ગાંધીનગરના જાગૃત નાગરિકોને પણ આ ધોરણો ધ્યાનમાં લઈ એવોર્ડ માટે યોગ્ય વ્યક્તિઓનાં નામનાં સૂચનો તા. ૧૫મી મે, ૨૦૧૯ સુધીમાં મોકલી આપવા અપીલ કરવામાં આવી છે.





કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજમાં અધ્યાપકોને વર્ગખંડ તેમજ અભ્યાસેતર પ્રવૃત્તિઓમાં પ્રેરણાત્મક વાતાવરણ પૂરું પાડવાના ઉદ્દેશથી ૨૯ એપ્રિલથી ૧લી મે સુધી હાર્ટફુલનેસ મેડિટેશન સેન્ટર, અડાલજ ખાતે ત્રિદિવસીય ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનો વિષય 'વર્ક લાઈફ મોડીફિકેશન : વિથ મોટીવેશન એન્ડ મેડિટેશન' હતો, જેના ઉપક્રમે પહેલા દિવસે ઈન્ટરનેશનલ મોટીવેશનલ સ્પીકર અને ટ્રેનર ડો. હાર્દિક જોશીએ પોતાના પ્રેરણાદાયક સત્રમાં ઈગો એલીમીનેશન અને ટીમ વર્ક વિષય ઉપર જુદી જુદી પ્રવૃત્તિઓ અને દૃષ્ટાંતો દ્વારા વિશદ સમજ આપી હતી. બીજા દિવસના સત્રમાં ટ્રેનર અને સ્પીકર ડૉ. મિલન પંડ્યાએ જુદી જુદી લર્નીંગ એક્ટિવિટીના માધ્યમથી મોટીવેશનલ મંત્રા વિષય ઉપર પ્રકાશ પાડી, પોતાના કાર્યસ્થળે કઈ રીતે સુમેળપૂર્વક કામ કરી શકાય તેની રસપ્રદ સમજ આપી હતી. કાર્યક્રમના ત્રણેય દિવસ હાર્ટફુલનેસ મેડિટેશન સંસ્થાના ટ્રેનર પ્રૉ. ઉમેશ કોલ્હેએ ધ્યાનના જુદા જુદા પ્રકારો સમજાવી, ધ્યાનનો જીવનમાં નવી ઊર્જાના સંચાર માટે કઈ રીતે વિનિયોગ કરી શકાય તેની સમજ આપી હતી.

કાર્યક્રમના સમાપન સત્રમાં હાર્ટફુલનેસ મેડિટેશન સેન્ટરના મેનેજર પ્રકાશભાઈ પટેલે ઉપસ્થિત સૌનો ઉત્સાહ વધાર્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંકલન ડૉ. સુજલ પાઠખ અને ડૉ. જિજ્ઞેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ સંચાલની ભૂમિકા પ્રા. નયના રંગવાલાએ નિભાવી હતી. કાર્યક્રમ માર્ગદર્શન કૉલેજના આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝા દ્વારા પૂરું પાડવામાં આવ્યું હતું.

## જન્મદિને વધામણી



ડો. કેશુભાઈ દેસાઈ
વરિષ્ઠ સાહિત્યકાર
મો. ૯૮૭૯૫ ૪૩૧૩૨



પરમજીત કૌર છાબડા
નિયામક, અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ
ઉપપ્રમુખ, ગાંધીનગર ભાજપ



ગર્વ જશુભાઈ પટેલ
મો. ૯૪૨૬૫ ૩૪૫૨૮

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે. - સંપાદક

# વર્લ્ડ બુક ઑફ રેકર્ડ્સ દ્વારા મેનેજમેન્ટ ગુરુને એવોર્ડ




ગુજરાત સ્થાપના દિવસ નિમિત્તે અમદાવાદના જે બી ઑડિટોરિયમ ખાતે ગુજરાતના સર્વશ્રેષ્ઠ ૬૦ ગૌરવવંતા ગુજરાતીઓને ગુજરાત રત્ન ગૌરવ એવોર્ડ આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં આચાર્ય શ્રી ષષ્ટપીઠાધીશ પ.પૂ ગોસ્વામી દ્વારકેશલાલજી મહારાજશ્રીને પોતાના ક્ષેત્રમાં કરેલ સમાજ ઉત્થાનના કાર્યો બદલ લંડનની વર્લ્ડ બુક ઓફ રેકોર્ડના અશ્વિનભાઈ ત્રિવેદી અને દિવ્ય ત્રિવેદી દ્વારા સન્માનપત્ર એનાયત કરાયું હતું. મેનેજમેન્ટ ગુરુ ડૉ શૈલેષ ઠાકરે એક જ વર્ષમાં ૬૪ પુસ્તકો લખીને વર્લ્ડ રેકોર્ડ સ્થાપિત કર્યો હતો તે બદલ વર્લ્ડ બુક ઓફ રેકોર્ડના ગુજરાત ચેરમેન અશ્વિનભાઈ ત્રિવેદી અને દિવ્ય ત્રિવેદી દ્વારા તેમને વર્લ્ડ રેકોર્ડ એનાયત કરાયો હતો. આ પ્રસંગે પટના હાઈકોર્ટના ભૂતપૂર્વ ચિફ જસ્ટિસ જે એન ભટ્ટ, આચાર્ય ષષ્ટપીઠાધીશ ગોસ્વામી દ્વારકેશલાલજી મહારાજ, જાણીતા ગઝલગાયક મનહર ઉધાસ, જાણીતા અભિનેતા સિદ્ધાર્થ રાંદેરિયા, પદ્મશ્રી ભીખુદાન ગઢવી, સાઈરામ દવે, તારક મહેતા સીરિયલનાં અભિનેત્રી નેહા મહેતા ઉપસ્થિત રહ્યા હતા.

# ડીપીએસ સીબીએસસીમાં ઝળકી



દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરના કુલ ૫૯ વિદ્યાર્થીઓએ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા આપી હતી, જે પૈકી ૧૨ વિદ્યાર્થીઓએ ૯૦ ટકાથી વધુ પરિણામ મેળવીને શાળાના ગૌરવમાં વધારો કર્યો છે. કોમર્સ વિભાગમાં કુલ ૭૨ વિદ્યાર્થીઓમાંથી ૧૯ વિદ્યાર્થીઓએ ૯૦ ટકાથી વધુ ગુણાંક મેળવીને શાળાનું ગૌરવ વધાર્યું છે. શાળાના આચાર્ય અતનુ રથે સમગ્ર શાળા પરિવાર વતી વિદ્યાર્થીઓને બિરદાવી તેમની આ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા છે.




મોટા ચિલોડા ખાતે સ્થિત ઓમ લેન્ડમાર્ક સ્કૂલ ખાતે મહિલા પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. માતા-પિતા અને સંતાનો એકબીજાના સેતુ છે એવો સૂર આ પરિસંવાદમાં જાણીતાં લેખિકા કાજલ ઓઝા વૈદ્ય દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો હતો. તેમને સાંભળવા મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

લેખિકાના પ્રવચન બાદ ઉપસ્થિત મહિલાઓએ તેમને વિવિધ વિષયોના સવાલો પણ પૂછ્યા હતા.

આ પ્રસંગે સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી ગિરિશભાઈ રાવલ, ડૉ. અશોકભાઈ રાવલ, અલ્પાબેન રાવલ, શાંતુભાઈ પટેલ અને સંસ્થાના આચાર્ય ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્યની પ્રાથમિક શાળાઓમાં કાર્યરત ૮ હજાર શિક્ષકો માથે લટકતી તલવાર

ગાંધીનગર, તા. ૨

રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકો પૈકી લાયકાત વગરના શિક્ષકોને નિયત સમયમર્યાદામાં લાયકાત મેળવી લેવા આદેશ કરાયો હતો. જોકે, આદેશ બાદ પણ ઘણા શિક્ષકોએ તેને ગંભીરતાથી લીધું ન હતું અને નિયત સમયમર્યાદામાં લાયકાત મેળવી ન હોવાથી હવે તેમને ઘેરભેગા કરવાની કવાયત શરૂ કરાઈ છે. બે વર્ષ પહેલા સરકાર દ્વારા પરિપત્ર કરી પ્રાથમિક શાળાઓના લાયકાત વગરના શિક્ષકોને ૩૧ માર્ચ, ૨૦૧૯ સુધીમાં લાયકાત મેળવી લેવા જણાવ્યું હતું. જોકે, આ આદેશ બાદ પણ રાજ્યમાં ૮ હજાર કરતા વધુ લાયકાત વગરના શિક્ષકો ફરજ બજાવતા હોઈ તેમની પર 'ઘેરભેગા' થવાની તલવાર લટકી રહી છે. હવે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા તેમના જિલ્લાની શાળાઓમાં ફરજ બજાવતા લાયકાત વગરના શિક્ષકોની યાદી એકત્ર કરવાનું શરૂ કર્યુ છે.

રાજ્યની ખાનગી પ્રાથમિક શાળાઓમાં મોટી સંખ્યામાં શિક્ષકો ફરજ બજાવે છે. જેમાં ઘણા શિક્ષકો લાયકાત ધરાવે છે, પરંતુ ઘણા શિક્ષકો એવા પણ હતા કે જેમની પાસે શિક્ષક તરીકેની ફરજ બજાવવાની લાયકાત ન હતી. જેથી કેન્દ્ર સરકાર દ્વારા સમગ્ર દેશમાં પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા લાયકાત વગરના શિક્ષકોને બે વર્ષના સમયગાળામાં લાયકાત મેળવી લેવા માટે આદેશ કર્યો હતો. આ સમયગાળા દરમિયાન જો શિક્ષક લાયકાત ન મેળવે તે તેમને ફરજ પર ચાલુ ન રાખવાનો આદેશ પણ કરાયો હતો. જેના માટે કેન્દ્ર સરકાર દ્વારા ૩૧ માર્ચ, ૨૦૧૯ની મુદત અપાઈ હતી. આ મુદત સુધીમાં તમામ શિક્ષકોએ નિયત લાયકાત મેળવી લેવાની હતી તેમ જણાવાયું હતું.

લાયકાત માટે પણ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓપન સ્કૂલિંગ દ્વારા કોર્સ ડિઝાઈન કરાયો હતો અને ઓનલાઈન કોર્સ કરી શિક્ષકો લાયકાત મેળવી શકે તેવી વ્યવસ્થા પણ કેન્દ્ર સરકાર દ્વારા કરાઈ હતી. જોકે, આ જાહેરાત બાદ ઘણી શાળાઓએ તેમના શિક્ષકોને લાયકાત મેળવી લેવા માટે તાકીદ કરતા આવા શિક્ષકોએ કોર્સ માટે રજિસ્ટ્રેશન કરાવી લાયકાત મેળવી લીધી હતી. પરંતુ ઘણા શિક્ષકોએ સરકારના આ આદેશને ગંભીરતાથી લીધો ન હતો અને લાયકાત માટે રજિસ્ટ્રેશન કરાવ્યું ન હતું. જોકે, હવે આ લાયકાત મેળવવાની મુદત પૂર્ણ થતાં આવા શિક્ષકો પર ફરજ પરથી દૂર થવાની તલવાર લટકી રહી છે. રાજ્યના તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા તેમના જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં લાયકાત મેળવવાની મુદ્દત પૂર્ણ થયા બાદ ફરજ બજાવતા લાયકાત વગરના શિક્ષકોની યાદી એકત્ર કરવાની કામગીરી શરૂ કરી છે.

સમગ્ર રાજ્યમાં ૮ હજાર કરતા વધુ શિક્ષકો એવા છે કે, જેમની પાસે શિક્ષક તરીકેની લાયકાત નથી. જેથી તેમને નવું શૈક્ષણિક સત્ર શરૂ થાય તે પહેલા જ ઘેરભેગા કરવામાં આવી શકે છે. જોકે, હાલમાં જે તે જિલ્લાઓમાં આવા શિક્ષકોની યાદી એકત્ર કરવાની કામગીરી ચાલી રહી છે. આ યાદી આવ્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ સૂત્રો જણાવી રહ્યા છે.

## વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન તથા ડૉ. હેડગેવાર સેવા સમિતિ અને મહાવીર શાખાના ઉપક્રમે

# સૅક્ટર-૩ ખાતે નિઃશુલ્ક તબીબી સેવાનો પ્રારંભ કરાયો



ગાંધીનગર, તા. ૨

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન તથા ડૉ. હેડગેવાર સેવા સમિતિ અને મહાવીર શાખાના ઉપક્રમે સાંઈ મંદિર, સૅક્ટર-૩ ખાતે દર બુધવારે મેડીકલ વાનની સેવાઓનો શુભારંભ દિપ પ્રાગટય કરી કરવામાં આવ્યો. નગર સંઘચાલક મનુભાઈ મોદી, જીલ્લા સંઘચાલક શ્રી હર્ષદભાઈ પટેલ તથા હર્ષદભાઈ ગોરીયા અને ભાજપના હોદેદારો વિનાયકભાઈ પટેલ, મહેન્દ્રભાઈ દાસ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. પ્રથમ બુધવારે જ ઝૂંપડપટ્ટીના ૨૫ જેટલા દર્દીઓએ નિઃશુલ્ક નિદાન અને દવાઓ મેળવી સારવાર લીધી હતી. કાર્યક્રમનું સંચાલન રામચંદ્ર પટેલે કર્યું હતું. દર બુધવારે ૫ થી ૬ સાંઈ મંદિર ખાતે ડૉક્ટરની સેવાઓ તથા દવાઓના નિઃશુલ્ક લાભનું આયોજન કરવામાં આવ્યું છે, જેનો લાભ લેવા નાગરિકોને અનુરોધ કરવામાં આવ્યો છે.

# ગાંધીજીનો વિનોદ


॥ સોળમો મણકો ॥

### ૩૭ - રાજા કેન્યૂટ

ફૈજપુર કોંગ્રેસના પ્રમુખપદે જવાહરલાલની વરણી થઈ ચૂકી હતી. તે વેળા એક મહત્ત્વના પ્રશ્ન અંગે સરદાર વલ્લભભાઈ, જવાહલાલજી અને રાજેન્દ્રબાબુ ગાંધીજીને સેવાગ્રામમાં મળવા આવ્યા. પણ તે વેળા બે દરદીઓની સારવારમાં ગાંધીજી મશગૂલ હતા. નેતાત્રિપુટી આ દશ્ય જોઈ રહી હતી. તેમને આપેલા સમયમાંથી ઠીક ઠીક સમય પસાર થઈ ગયો તેથી બાપુને યાદ કરાવતાં સરદારે કહ્યું, બાપુ ! આપને સમય ન હોય તો અમે જઈએ.

તેમને જતા રોકતાં ગાંધીજીએ કહ્યું, પણ આ દરદીઓની સારવારનું કામ કેટલું મુશ્કેલ થઈ પડ્યું છે. એ તો પહેલાં પૂરું કરું ને !

રાજદ્વારી કામ ગમે તેટલું અગત્યનું હોવા છતાં બાપુને દરદીઓની સેવામાંથી અટકાવવા એ કેટલું અઘરું છે તેનો ચિતાર આપતાં જવાહરલાલજીએ સરદારને કહ્યું, પણ એ કૅન્યૂટ રાજા દરિયાના મોજાઓને થોભી જવાનું કહે તેના જેવું નથી !




ગાંધીજી (તેઓ કોંગ્રેસના વરાયેલા પ્રમુખ છે તેની યાદ કરાવતાં) : એટલા માટે તો અમે તમને કૅન્યૂટ રાજા બનાવ્યા છે.

### ૩૮ - વૃદ્ધોનો વિનોદ

ઈસ ૧૯૩૦માં કવિવર રવીન્દ્રનાથ ટાગોર સાબરમતી આશ્રમમાં ગાંધીજીની મુલાકાતે આવ્યા હતા. દાંડીકૂચની વાતો હવામાં ગુંજી રહી હતી. વાતચીત દરમિયાન ટાગોર બોલ્યા, મહાત્માજી, હવે હું સિત્તેર વરસનો થયો એટલે તમારા કરતાં ઘણો મોટો કહેવાઉં ને !

ગાંધીજી (હસીને) : એ સાચું, પણ જ્યારે સાઠ વરસનો વૃદ્ધ નાચી શકતો નથી, ત્યારે સિત્તેર વરસનો યુવાન કવિ નાચી શકે છે.

ટાગોર : એ પણ સાચું. તમે વળી એક એરેસ્ટ ક્યોરની તૈયારી કરી રહ્યા લાગો છો. મને પણ સરકાર એવો આરામ આપે તો કેવું સારું.

ગાંધીજી : પણ તમારા ઢંગ તેવા નથી તેમાં સરકાર બિચારી શું કરે !

હિંદના આ બે મહાન પુરુષોની વાતો સાંભળનારાં સૌ હસી રહ્યાં હતાં.

### ૩૯ - જન્મદિનની થેલી

ઈસ ૧૯૪૭ના ઑક્ટોબરની બીજી તારીખે ગાંધીજીને એક થેલી ભેટ આપવાનો પ્રસંગ હતો. ગાંધીજીની નજીક થેલી તરફ નજર કરી શ્રીમતી સરોજિની નાયડુએ ગાંધીજીને કહ્યું કે,

આ થેલી હું તમને ન આપું અને લઈને નાસી જાઉં તો તમે શું કરો ?

ગાંધીજી : હું જાણું છું કે તમે એમ કરવાને શક્તિમાન છો.

પાસે બેઠેલાં બધાં જ ખડખડ હસી પડ્યાં.




'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર